# ★કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા★

## શ્રી સરદાર પટેલની જન્મજયંતિની ઉજવણી

- અમારી શાળા કિસાન માધ્યમિક વિદ્યાલયમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓને આ વિશેષ દિન નિમિત્તે અખંડ ભારતના પ્રખર શિલ્પી એવા શ્રી સરદાર પટેલના કાર્યો અને જીવન પરિચય દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી. શ્રી સરદાર પટેલ દ્વારા દેશી રજવાડાઓ ના વિલીનીકરણ દ્વારા અખંડ ભારતનું નિર્માણ, જુનાગઢ અને હૈદરાબાદનું ભારત સાથે જોડાણ, બારડોલી સત્યાગ્રહ જેવા મહાન કાર્યોથી વિદ્યાર્થીઓ પરિચિત થયા. આ વિશેષ દિન નિમિત્તે ભારતના બિસ્માર્ક-શ્રી સરદાર પટેલ વિષય ઉપર એક નિબંધ સ્પર્ધા નું આયોજન પણ કરવામાં આવેલ હતું જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને શ્રી સરદાર પટેલના જીવનનું ખુબ સુંદર શબ્દાલેખન કર્યું હતું.
- શ્રેષ્ઠ નિબંધ લખવા માટે ત્રણ વિદ્યાર્થીઓને વિજેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

1) ત્રિવેદી વિશ્વા એન. **11-A**
2) બારીયા દક્ષા એ. **11-A**
3) માછી ગ્રીષ્મા એચ. **9-B**




